# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-09-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

1) રાજ્યમાં સ્વચ્છતા હી સેવા અભિયાન હેઠળ અત્યાર સુધીમાં 25 લાખથી વધુ લોકોએ જોડાઈને કુલ 27 લાખથી વધુના કલાકનું શ્રમદાન કર્યું
2) **રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું કે, ખેડૂતોની પ્રગતિ, ઉન્નતિ અને વિકાસમાં કૃષિ પત્રકારોનું મહત્વનું યોગદાન છે.**
3) કૃષિમંત્રી રાઘવજી પટેલે ખેડૂતોને ખેતીની સાથે પશુપાલન વ્યવસાય અપનાવવાની અપીલ કરી.
4) ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે દિવમાં પ્રધાનમંત્રી આવાસ શહેરી યોજના અંતર્ગત નવા મકાનોનું લોકાર્પણ કરશે..
5) રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન વિભાગે જણાવ્યું કે, રાજ્યના 32 તીર્થસ્થોનાના પ્રસાદમાં પ્રાણીજન્ય ચરબી જોવા મળી નથી

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# CM-HIGH SPEED CORIDOR

અમદાવાદ-મહેસાણા-પાલનપૂર રોડનો હાઈસ્પીડ કોરીડોર અંતર્ગત વિકાસ થશે.. કોરિડોરના વિકાસ માટે રાજ્ય સરકારે 263 કરોડ રૂપિયાના ફ્લાયઓવર અને અન્ડરપાસ માટે ફાળવ્યા છે.. ઉપરાંત રાધનપૂર ચોકડી પર નવો 6-માર્ગીય ફ્લાયઓવર બ્રિજ અને નાગલપૂર ચોકડી તથા ઉનાવા ખાતે નવા 6 માર્ગીય અન્ડરપાસનું નિર્માણ કરવાનો પણ રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે...

રાજ્યમાં ભારે ટ્રાફિક ધરાવતા હાઈવેને અંદાજે 3 હજાર 100 કરોડ રૂપિયાના ખર્ચે હાઈસ્પીડ કોરીડોર તરીકે વિકસાવવા માટેનું કામ થશે, જેમાં વટામણ- પીપળી, સુરત- સચિન-નવસારી, અમદાવાદ- ડાકોર, ભૂજ-ભચાઉ, રાજકોટ- ભાવનગર અને મહેસાણા-પાલનપૂર સહિત 6 હાઈસ્પીડ કોરીડોરનો સમાવેશ થાય છે. આ નિર્ણયના કારણે ઉત્તર ગુજરાત વિસ્તારના લોકોને અમદાવાદ સાથેની વધુ સરળ, સલામત અને ઝડપી રોડ કનેક્ટીવિટી મળશે.

---------------------------------------------------------------------

- રીપીટ

# RAJYAPAL KRUSHI PATRAKAR

‘દેશના ખેડૂતો સૌથી મોટા તપસ્વી છે, જેમની પ્રગતિ, ઉન્નતિ અને વિકાસમાં કૃષિ પત્રકારોનું મોટું યોગદાન છે.’ ગાંધીનગરમાં હેલિપેડ પ્રદર્શન ખંડમાં રાષ્ટ્રીય કૃષિ પત્રકાર સંઘ દ્વારા યોજાયેલા સંમેલનને સંબોધતા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આ મુજબ જણાવ્યું હતું.

શ્રી દેવવ્રતે કહ્યું કે, ‘ખેતીમાં વધુ પડતા રાસાયણિક ખાતરોના ઉપયોગના કારણે જમીનમાં સુક્ષ્મ જીવાણુંઓનું પ્રમાણ ઘટતાં ઓર્ગેનિક કાર્બન ઓછો થયો છે. પ્રાકૃતિક ખેતીથી જમીનમાં સુક્ષ્મ જીવાણુંઓનું પ્રમાણ વધે છે. પ્રાકૃતિક ખેતી અપનાવીને આપણે પ્રકૃતિની સાથે દેશના રૂપિયા પણ બચાવી શકીએ.

દરમિયાન રાજ્યપાલે કૃષિક્ષેત્રના પત્રકારોને રાષ્ટ્રીય અને રાજ્યકક્ષાના કૃષિ પુરસ્કાર અર્પણ કર્યા હતા.

-----------------------------------------------------------------------

- (માહિતી ખાતા – પ્રવેશ)

-(NAVIN)

# RAGHAVJI PATEL PANEER PLANT

કૃષિમંત્રી રાઘવજી પટેલે ખેડૂતોને ખેતીની સાથે પશુપાલન વ્યવસાય અપનાવવાની અપીલ કરી છે. તેમણે કહ્યું કે, આમ કરવાથી ખેડૂતોને એક નિશ્ચિત અને સ્થિર આવક પ્રાપ્ત થઈ શકે છે. ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત સહિતના પ્રદેશોમાં પશુપાલનના વ્યવસાયથી લોકો સમૃદ્ધિ તરફ વળ્યા છે. જુનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે સંબોધન કરતા કૃષિમંત્રીએ આ મુજબ જણાવ્યું હતું.

કૃષિમંત્રીની અધ્યક્ષતામાં જુનાગઢ જિલ્લા સહકારી બેન્કની 65મી અને શ્રી સાવજ જુનાગઢ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદન સંઘની 15મી સાધારણ સભા યોજાઈ હતી. દરમિયાન તેમણે રાજ્ય સરકારના 11 કરોડ રૂપિયાના અનુદાન સહિત કુલ 35 કરોડ રૂપિયાના ખર્ચે ખોખરડા ગામ નજીક નિર્માણ થનારા પનીર પ્લાન્ટનું પણ ખાતમુહૂર્ત કર્યું હતું. કૃષિમંત્રીએ શ્રેષ્ઠ દૂધ ઉત્પાદક મંડળીઓ પ્રોત્સાહક રાશિના ચેક અર્પણ કર્યા અને મહિલા ખેડૂતોનું પણ સન્માન કર્યું હતું.

---------------------------------------------------------------------

- (માહિતી ખાતા – પ્રવેશ)

-(NAVIN)

# 100 DAY PRAKRUTIK KHETI JAMNAGAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સરકારના ત્રીજા કાર્યકાળના સો દિવસ દરમિયાન સરકારની વિવિધ પ્રજાલક્ષી અને કલ્યાણકારી યોજનાઓનો નાગરિકોને મહત્તમ લાભ મળી રહ્યો છે.. ત્યારે પ્રાકૃતિક કૃષિ અંતર્ગત બાગાયત પાક લઇને જામનગરના ભાવેશભાઇ નંદા સમૃદ્ધ બન્યાં છે. તેમણે આ અંગે પોતાનો પ્રતિભાવ વ્યક્ત કર્યો હતો.

(બાઇટ ભાવેશભાઇ નંદા, ખેડૂત , જામનગર)

---------------------------------------------------------------------

- પીટીસી- જામનગર

# VP– DAMAN VISIT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે તેઓ દિવમાં પ્રધાનમંત્રી આવાસ શહેરી અંતર્ગત નવા મકાનોનું લોકાર્પણ કરશે. ગઈકાલે તેમણે સિલવાસામાં નમો મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ ખાતે ધન્વંતરિ ભગવાનની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પી હતી.. ઉપરાંત તેમણે સંસ્થાના વિવિધ વિભાગોની મુલાકાત લઈ વિવિધ શૈક્ષણિક સંસ્થાનના વિદ્યાર્થીઓ સાથે સંવાદ પણ સાધ્યો હતો.. એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત ઉપરાષ્ટ્રપતિ અને તેમના પત્નીએ વૃક્ષારોપણ પણ કર્યું હતું..

ઉપરાષ્ટ્રપતિ ડોકમરડી ઓડિટોરિયમમાં પશ્ચિમ ક્ષેત્રના સાંસ્કૃતિક કેન્દ્ર દ્વારા યોજાયેલ જાહેર સમારંભમાં ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ દિવમાં તેમણે પંચાયત, નગરપંચાયતમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી હતી.. તેમણે ખુખરી જહાજ અ દિવ કિલ્લાની મુલાકાત કરી હતી..

---

- રીપીટ

# IMP ANNOUNCEMENT

# એક અગત્યની જાહેરાત

મોદી સરકારના ત્રીજા કાર્યકાળના 100 દિવસ પૂર્ણ થવા નિમિત્તે આકાશવાણી અમદાવાદના પ્રાદેશિક સમાચાર વિભાગ દ્વારા પ્રસ્તુત વિશેષ કાર્યક્રમ “વિકસિત ભારત તરફ પ્રયાણ” આજે રવિવારે રાત્રે સવા ૯ વાગ્યે આકાશવાણી અમદાવાદ કેન્દ્ર પરથી પ્રસારિત કરાશે.

અગત્યની જાહેરાત પૂરી થઈ.

-------------------------------------------------------------------

- (અપર્ણા ખૂંટ – પ્રવેશ)

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટ્વીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

# MANDIR PRASAD- FOOD AND DRUGS

રાજ્યના પ્રસિદ્ધ તીર્થસ્થાનો અંબાજી, દ્વારકા, સોમનાથ સહિતના સ્થળો પર પ્રસાદની ગુણવત્તાની ચકાસણી કરવામાં આવી છે. પ્રસાદ વહેંચણી કરતાં આવા 32 જેટલા સ્થળ પર રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા તપાસ કરવામાં આવી હતી, જેમાં પ્રસાદમાં પ્રાણિજન્ય ચરબી જોવા મળી નહતી તેમ ખોરાક અને ઔષધ નિયમન વિભાગના કમિશનર ડો. હેમંત કોશિયાએ જણાવ્યું હતું..

## (બાઈટ એચ.જી. કોશિયા)

---------------------------------------------------------------------

- પીટીસી ગાંધીનગર, રીપીટ

# NID STUDENT FILM

અમદાવાદ સ્થિત નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ડિઝાઇનિંગ વિદ્યાર્થી અક્ષિત કુમાર 51મી વિદ્યાર્થી અકાદમી પુરસ્કાર સ્પર્ધામાં વિજેતા બન્યાં છે. આ સિદ્ધી બદલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અભિનંદન પાઠવ્યા હતા. અક્ષિત કુમારે "અલ્ટરનેટિવ- એક્સપેરિમેન્ટલ" શ્રેણી હેઠળ પ્રથમ ત્રણમાં સ્થાન મેળવ્યું છે. ઉલ્લેખનીય છે કે, આગામી 14 ઓક્ટોબરના રોજ લંડન ખાતે યોજાનાર 51મી સ્ટુડન્ટ્સ એકેડમી એવોર્ડ કોમ્પિટિશનમાં અક્ષિતની ફિલ્મ રજૂ કરાશે.

**(બાઈટ - અક્ષિત કુમાર,વિદ્યાર્થી, NID અમદાવાદ)**

---

- અખબારી યાદી-હર્ષલ પંડ્યા-યશ્વી

# KARATE CHAMPION TULSI

ખેડાના નડિયાદનાં તુલસી બ્રહ્મભટ્ટે અમેરિકામાં યોજાયેલી ઓર્લાન્ડો ઇન્ટરનેશનલ કરાટે ઓપન સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક મેળવ્યો છે. તુલસીએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી પ્રથમ સ્થાન તથા કાતા ફાઈટમાં તૃતીય સ્થાન હાંસલ કર્યું છે

તુલસી બ્રહ્મભટ્ટ હાલ ચાંગા યુનિવર્સિટી, આણંદ ખાતે બીબીએના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરે છે અને છેલ્લા આઠ વર્ષથી કરાટે કરે છે. તુલસીએ કરાટેના માધ્યમ થકી યુવતીઓને સ્વ-બચાવ શીખવા માટે ખાસ અપીલ કરી છે.

**(બાઇટ- તુલસી બ્રહ્મભટ્ટ)**

--------------------------------------------------------------------

- અપર્ણા ખૂંટ-માહિતી, હર્ષલ પંડ્યા-યશ્રી

# GODHRA-JILLA SANKALAN BETHAK

ગોધરા જિલ્લા કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલમાં જિલ્લા વિકાસ અધિકારી ડી. કે. બારીઆના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં અધિકારીઓને જિલ્લામાં શાળાઓમાં નવા ઓરડા બનાવવા, પાવાગઢ યાત્રાધામમાં પીવાના પાણીની સમસ્યા નિવારવા ખાસ તાકીદ કરાઈ હતી. તેમજ ગૌચરની જમીન પરના દબાણ હટાવવા અને જિલ્લામાં આવેલ ભારે વરસાદથી ખેડૂતોને ખેતીમાં થયેલ નુક્શાનીનું વળતર ચૂકવવા બાબતે જરૂરી સૂચનાઓ અપાઈ હતી. આ સંકલન બેઠકમાં  સાંસદ રાજપાલસિંહ જાદવ સહીત જિલ્લાના સર્વ ધારાસભ્યો તેમજ દરેક વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

---------------------------------------------------------------------

- પીટીસી-ગોધરા- સરફરાઝ નાગોરી

# SHANKAR CHAUDHARI

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ કહ્યું કે, ‘ભારત 5 ટ્રિલિયન ઇકોનોમી સાથે વિશ્વની ત્રીજી આર્થિક સદ્ધરતા ધરાવતો દેશ બનવા તરફ આગળ વધી રહ્યો છે. આજે યુવાનો દ્વારા વિવિધ ક્ષેત્રે નવીનતા અને નવા સ્ટાર્ટ-અપ વિકસી રહ્યા છે. દેશના અર્થતંત્રને આગળ વધારવામાં રાજ્યનો ફાળો મહત્ત્વપૂર્ણ છે. અમદાવાદ ખાતે ખાનગી સમાચારપત્રો દ્વારા યોજાયેલા મિલકત પ્રદર્શનીનું ઉદ્ઘાટન કરતા શ્રી ચૌધરીએ આ મુજબ જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, આ પ્રદર્શનીમાં 31થી વધુ સ્ટોલ અને 200થી વધુ મિલકત પ્રદર્શિત કરવામાં આવી છે.

---

- (માહિતી ખાતા – પ્રવેશ)

-(NAVIN)

# AMDAVAD RASTA RIPER

અમદાવાદ જિલ્લામાં ભારે વરસાદથી ખરાબ થયેલા 102.50 કિલોમીટરના નુકસાન પામેલ તમામ રસ્તાઓ ઉપર સમારકામની કામગીરી 100 ટકા પૂર્ણ થઈ છે. જયારે નુકસાન પામેલા તમામ રસ્તાઓ પર ડામરપેચથી મરામત કામગીરી 68 ટકા જેટલી પૂર્ણ થઈ ચુકી છે. 30 સપ્ટેમ્બર સુધીમાં નુકસાન પામેલા તમામ રસ્તાઓ પર મરામતની કામગીરી સંપૂર્ણ રીતે પૂર્ણ કરાશે તેમ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા એક અખબારી યાદીમાં જણાવાયું છે.

---

- અમદાવાદ -માહિતી ખાતું -સરફરાઝ નાગોરી -(NAVIN)